ૐ

શ્રી પરમકૃપાળુદેવાય નમઃ

નાટક સમયસાર

શિબિર - ૨૨

નિર્જરા દ્વાર (છંદ ૪૭-૬૧)

**WORKSHEET** **Marks: 50**

Name: ...................................... Tel. No.: ................................. Group: ............................... Zone: .........................

**(I) સાચો જવાબ પસંદ કરો.** **Marks: 5**

૧. પ્રાયોરિટી એટલે .................................................. પસંદગી કરવી.
(a) ઘણા નજીવા કરતાં થોડા અગત્યની (b) જે બહુમાતમાં છે તેની (c) ક્ષુદ્રની (d) જે તુચ્છ છે તેની

૨. .................................... વ્યવહારથી અભયનું કારણ છે.
(a) અરિહંત ભગવાનનું શરણ (b) સ્વરૂપ સંબંધી નિ:શંકતા (c) અશાતા કર્મનો અનુદય (d) પુણ્યનો ઉદય

3. અન્ય માટે સમય ઉત્પન્ન કરવો એટલે .................................................. .
(a) તેમને ઘણો સમય આપવો (b) તેમના જીવનની અગત્યની પળોમાં તેમને સમય આપવો
(c) તેમને દરરોજ સમય આપવો (d) તેમના પ્રત્યેની ફરજ અન્યને સોંપી દેવી

૪. ................................................ એ પુણ્યનો ઉદય છે.
(a) પરિગ્રહ ધારવો (b) પરિગ્રહનો ત્યાગ કરવો (c) સ્વરૂપનો અનુભવ (d) ધર્મનો ત્યાગ કરવો

૫. આઇન્સ્ટાઇને કહ્યું હતું કે ............................ને તોડવાનું કાર્ય સૌથી અઘરું છે.
(a) અણુ (b) ડુંગર (c) પથ્થર (d) પૂર્વગ્રહ

**(II) નીચેનાં દૃષ્ટાંતો અને તેના પરમાર્થના જોડકા બનાવો.** **Marks: 5**

| દૃષ્ટાંત | પરમાર્થ |
|---|---|
| ૧. ડોશી - રાજકુમાર - બિલાડી | (a) ગુરુએ આપણાં જીવનમાં મૂલ્ય ઉમેર્યું છે, હવે તેમના મિશનમાં મૂલ્ય ઉમેરવાનો આપણો વારો છે. |
| ૨. પેંટિંગ - કેટલાનું? | (b) ગુરુ સતત આપણું નિરીક્ષણ કરી રહ્યા છે એ ભાવ પ્રલોભનને જીતવામાં મદદરૂપ બને છે. |
| 3. પ્રાણાયામ - ડાયટ - કસરત | (c) આપણે વધુ પડતાં વિચાર કરીને પરિસ્થિતિને હોય તેના કરતાં વધુ જટિલ બનાવીએ છીએ. |
| ૪. ઝવેરી - ઝાડુ કાઢે | (d) અવિશ્વસનીયમાં વિશ્વાસ રાખો. |
| ૫. રોક્કફેલર - કર્મચારી - સાચા નિર્ણયો | (e) પાપ-પુણ્યનો ઉદય વિચિત્ર છે. |
| ૬. બ્રહ્મવિહારીજી - મંદિર - એકાકી આંખો | (f) સાદગીભર્યું જીવન ન હોય તો નાના-નાના નિર્ણય લેવામાં પણ લોકો ઘણો માનસિક થાક અનુભવે છે. |
| ૭. શ્રેણિક રાજા - ભાવિ તીર્થંકર - કોણિક | (g) દર્શનમોહને જીતવા માટે આપણે મનને યુક્તિથી મેનેજ કરવું જોઈએ. |
| ૮. મિત્ર - ૧000 રૂપિયા - રિક્ષા | (h) રાગ વખતે પણ મારું સ્વરૂપ રાગી નહીં, શુદ્ધ જ છે. |
| ૯. સી. સી. ટી. વી. | (i) અન્યની ભૂલોને ભૂલતાં શીખો. |
| ૧૦. ઘણા ચપ્પલ - બહારગામ | (j) આધ્યાત્મિકતા એટલે અલગ વસ્તુઓ કરવી એમ નહીં, પરંતુ વસ્તુઓને અલગ રીતે કરવી. |

૧) ........ ૨) ........ 3) ........ ૪) ........ ૫) ........ ૬) ........ ૭) ........ ૮) ........ ૯) ........ ૧૦) ........

**(III) નીચેનું કથન સાચું છે કે ખોટું તે લખો. ખોટું હોય તો તેનું કારણ દર્શાવો.** **Marks: 5**

૧. પૂજ્ય ગુરુદેવશ્રીએ આપણને દરરોજની યોજના(પ્લાન)થી શરૂ કરી, અઠવાડિયાની, મહિનાની, વર્ષની અને પાંચ વર્ષની યોજના નક્કી કરવા કહ્યું.

.................................................................................................................................................................................................................

૨. પરિસ્થિતિમાં દુઃખ ઉત્પન્ન થવાનું કારણ અશાતા કર્મનો બંધ નહીં, પરંતુ અશાતા કર્મનો ઉદય છે.

.................................................................................................................................................................................................................

3. સાધર્મિકનો દોષ જાણવાથી ડુક્કરની  ગતિ મળે છે.

.................................................................................................................................................................................................................

૪. સ્પિરિટ(SPIRIT)ની સાધનામાં ટ્રાન્સ એટલે નિર્વિકલ્પ સમાધિનો પ્રયત્ન કરવો.

.................................................................................................................................................................................................................

૫. જ્ઞાની પોતાના સ્વભાવમાંથી પુદ્‌ગલાદિ પરદ્રવ્યનો ત્યાગ કરે છે અને આત્મગુણોને ગ્રહણ કરે છે.

.................................................................................................................................................................................................................

**(IV) એક વાક્યમાં જવાબ લખો.** **Marks: 5**

૧. છંદ ૫૭માં આત્મરસી બનારસીદાસજીની કઈ ચેષ્ટા દ્વારા આપણને સમ્યગ્દર્શનના મહિમા સંબંધી પ્રમાણ મળે છે?

.................................................................................................................................................................................................................

૨. છંદ ૭૧માં દર્શાવેલ ચૈતન્ય નાટકમાં નટ કોણ છે? કયો નાદ છે?

.................................................................................................................................................................................................................

3. આત્મરસી બનારસીદાસજીએ સાત ભયનો વિષય નિર્જરા અધિકારમાં શા માટે લીધો છે?

.................................................................................................................................................................................................................

૪. સ્પિરિટ(SPIRIT)નો ‘S’ એટલે દિવસની શરૂઆત શેનાથી કરવી? મેન્ટેનન્સની પરીક્ષામાં કઈ બે વસ્તુનું સંતુલન જાળવવું અગત્યનું છે?

.................................................................................................................................................................................................................

૫. જ્ઞાની કર્મની નિર્જરાને જોઈ નથી શકતા છતાં કઈ બે રીતે તેનો અનુભવ કરે છે?

.................................................................................................................................................................................................................

**(V) સાત ભયને દૂર કરીએ.** **Marks: 14**

૧. મારો આત્મા શુદ્ધ જ્ઞાન તથા વીતરાગભાવમય છે અને (a)............................ જેવો સમૃદ્ધિશાળી છે. મારા સ્વરૂપમાં કોઈ (b)............................ જ ઘટી શકતી નથી, તો તેમાં અચાનક કઈ રીતે આવી શકે? આવું ચિંતવતાં (c)............................ ભય ઉદિત થતો નથી. જ્ઞાની પોતાના આત્માને સદા (d)............................ અને જ્ઞાનરૂપ દેખે છે તેથી નિ:શંક રહે છે.

૨. પાંચ ઈન્દ્રિય, મનવચકાયાબળ, (a)............................ અને (b)............................ એને વ્યવહારમાં ૧૦ પ્રાણ કહેવાય છે. આત્મા (c)............................ પ્રાણથી યુક્ત છે. આત્માનો સ્વભાવ ત્રિકાળમાં ક્યારેય નાશ પામનાર નથી એમ ચિંતવવાથી (d)..........................ભય ઉત્પન્ન થતો નથી.

3. આ વાત (a)............................નયથી સિદ્ધ છે કે મારા આત્મદ્રવ્યને હેરાન કરનાર કોઈ (b)................................. જ નથી, તો તેને સહાય કરનાર કોઈ (c)............................ની પણ જરૂર નથી - જ્યારે આવો દૃઢ નિશ્ચય આત્મામાં વસે ત્યારે (d).................................ભય રહેતો નથી.

૪. આત્મા (a)..............................પ્રમાણ છે, એટલે કે પગથી માથા સુધી જ્ઞાનમય છે. શરીર, ધનાદિ પરપદાર્થનો સ્વભાવ (b)...................................... છે. સંયોગ અને સંયોગી ભાવનો મારી અંદર (c)................................ છે, સ્વભાવ અને સ્વભાવસાધનનો (રત્નત્રયનો) સદ્ભાવ  છે. આમ ચિંતવન કરતાં (d)......................ભય ઉત્પન્ન થતો નથી.

૫. આત્મા (a)......................................... લક્ષણથી વિભૂષિત છે. તેની અગમ્ય, અખંડિત ભૂમિ પર પરદ્રવ્યનો પ્રવેશ થઈ શકતો નથી. તેથી મારું સ્વરૂપ, મારું સાચું (b)................................ જે ઉપમારહિત, સ્વયંસિદ્ધ, અપરંપાર, અક્ષય છે, તેને કોઈ (c)............................ કઈ રીતે હરી શકે? આવું ચિંતવન જ્યારે થાય ત્યારે (d)...................................ભય રહેતો નથી.

૬. (a).........................ભય એટલે (b)...........................માં જવાનો ભય. જ્યાં પુણ્ય-પાપ તરફની રુચિ છે ત્યાં આત્મભાવની ખંડના થાય છે, હું અખંડિત છું. હું જ્ઞાનપિંડરૂપ છું. જેમાં દોષ અને દુ:ખ છે એવાં સ્વર્ગ આદિ અન્ય (c)........................  મારાં નથી. હું (d)................................નો બાદશાહ છું એમ ચિંતવતાં આ ભય ઉત્પન્ન થતો નથી.

૭. રોગાદિ કષ્ટ આવવાનો ભય તે (a)...........................ભય. કર્મના નિમિત્તથી અનુભવાતાં સુખ અને દુ:ખ (b)..........................ના વિકાર છે, (c)...........................નાં પરિણામ છે. મારા જ્ઞાનરૂપ અંગમાં તેનો (d)........................... નથી એમ ચિંતવતાં આ ભય ઉત્પન્ન થતો નથી.

**(VI) સમ્યગ્દર્શનનાં આઠ અંગ સમજીએ.** **Marks: 16**

૧) નિ:શંકિત ગુણમાં શેના સંબંધીના નિ:શંક નિર્ણયનો સમાવેશ થાય છે? શેની મંદતા આ નિ:શંક નિર્ણયની ચકાસણી છે?
કબૂતર - મોર.  ટૂંકમાં દૃષ્ટાંત  લખી તેનો પરમાર્થ સમજાવો.

........................................................................................................................................................................................................

........................................................................................................................................................................................................

........................................................................................................................................................................................................

........................................................................................................................................................................................................

૨) હાઉઝ અરેસ્ટના દૃષ્ટાંત દ્વારા નિષ્કાંક્ષિતતા ગુણ સમજાવો.

........................................................................................................................................................................................................

........................................................................................................................................................................................................

........................................................................................................................................................................................................

........................................................................................................................................................................................................

3) નિર્વિચિકિત્સાનો સામાન્ય અર્થ શું છે? પૂજ્ય ગુરુદેવશ્રીએ તેનો શું મર્મ સમજાવ્યો? ગટર - રસગુલ્લું - હીરો. ટૂંકમાં દૃષ્ટાંત લખી તેનો પરમાર્થ સમજાવો.

........................................................................................................................................................................................................

........................................................................................................................................................................................................

........................................................................................................................................................................................................

........................................................................................................................................................................................................

૪) અમૂઢદૃષ્ટિમાં કયાં ત્રણ તત્ત્વ સંબંધી મૂઢતા નથી હોતી? તેને કયા પ્રકારની લોકમાન્યતાઓમાં વિશ્વાસ નથી હોતો?
શીરો - કેવો હતો. ટૂંકમાં દૃષ્ટાંત લખી તેનો પરમાર્થ સમજાવો.

........................................................................................................................................................................................................

........................................................................................................................................................................................................

........................................................................................................................................................................................................

........................................................................................................................................................................................................

૫) વ્યવહારથી ઉપગૂહનનો અર્થ શું થાય છે? એવું વલણ શા માટે રાખવું જોઈએ? બાળક - પડી જવું. આ દૃષ્ટાંત દ્વારા ઉપગૂહનનો નિશ્ચયથી અર્થ સમજાવો.

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

૬) નિશ્ચયથી અને વ્યવહારથી સ્થિતિકરણ અંગ સમજાવો. કુલ્ફી - જામતી નથી. ટૂંકમાં દૃષ્ટાંત લખી તેનો પરમાર્થ સમજાવો.

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

૭) સ્થિતિકરણ અને વાત્સલ્ય ગુણમાં શું ફેર છે? વત્સ શબ્દનો શું અર્થ થાય છે? ધર્મક્રિયાના સંદર્ભમાં વાત્સલ્ય એટલે શું?

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

૮) બુઝાયેલા ફાનસનું દૃષ્ટાંત લખી તેનો પરમાર્થ સમજાવો. પૂજ્ય ગુરુદેવશ્રીએ જ્ઞાનીની પ્રભાવનાની પરાકાષ્ઠા કઈ રીતે સમજાવી? આપણે સૌ કઈ રીતે ધર્મની પ્રભાવના કરી શકીએ?

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

* * *